# IPOની રેલી, આ સપ્તાહે પાંચ IPO ધૂમ મચાવશે

એજન્સી | નવી દિલ્હી

વર્ષ 2023 પ્રાઈમરી માર્કેટ માટે ફળદાયી સાબિત થઈ રહ્યું છે ત્યારે વધુને વધુ રોકાણકારો હવે ઈક્વિટીને બદલે પ્રાઈમરી માર્કેટ તરફ વળી રહ્યાં છે ત્યારે આ સપ્તાહે પણ સાનુકૂળ માર્કેટ સ્થિતિના જોરે ઈન્ડિયા શેલ્ટર ફાઈનાન્સ અને ડોમ્સ ઈન્ડસ્ટ્રીઝ સહિત પાંચ આઈપીઓ આવી રહ્યાં છે. ડોમ્સ ઈન્ડસ્ટ્રીઝ, શેલ્ટર ફાઈનાન્સ ઉપરાંત આઈનોક્સ ઈન્ડિયા, જયપુર સ્થિત રીટેલ જ્વેલરી કંપની મોતિસન્સ જ્વેલર્સ અને મુંબઈ સ્થિત સુરજ એસ્ટેટ ડેવલપર્સનો આઈપીઓ આવી રહ્યો છે. આ કંપનીઓ આઈપીઓ મારફતે રૂ.4,200 કરોડનું ફંડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. ગત મહિને 10 આઈપીઓની સફળતા બાદ આઈપીઓ જળવાઈ રહ્યાં છે.